# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે ખૂબ જ સકારાત્મક અને પ્રગતિશીલ વ્યાપક અને વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી.**
2. **પંજાબમાં વરસાદમાં ઘટાડો થતાં રાજ્યની નદીઓમાં પૂરનું પ્રમાણ ઘટ્યું**
3. **ડેરી ઉદ્યોગે GST દરમાં ઘટાડાના GST કાઉન્સિલના નિર્ણયને આવકાર્યો.**
4. **પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મુંબઇ સહિત દેશભરમાં ગણેશ વિસર્જન.**
5. **બિહારના ગયામાં આજથી વિશ્વ પ્રસિદ્ધ પિતૃ પક્ષ મેળા મહાસંગમનો આરંભ.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PM TRUMP STATEMENTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે ખૂબ જ સકારાત્મક અને પ્રગતિશીલ વ્યાપક અને વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી છે. અમેરિકી રાષ્ટ્રપતિના નિવેદનોનો જવાબ આપતા શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની લાગણીઓ અને ભારત-અમેરિકા સંબંધોના સકારાત્મક મૂલ્યાંકનની પ્રશંસા કરે છે.

ગઈકાલે રાત્રે વોશિંગ્ટનમાં મીડિયા સાથે વાત કરતા અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચે વિશેષ સંબંધ છે અને બંને દેશો વચ્ચેના સંબંધોને લઈને ચિંતા કરવાની કોઈ વાત નથી. તેમણે શ્રી મોદીને એક મહાન પ્રધાનમંત્રી તરીકે બિરદાવ્યા અને કહ્યું કે તેઓ મિત્રો બનશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM CONGARTULATIONS JAMIKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. એન્ડ્રુ હોલનેસને સતત ત્રીજી વખત જમૈકા પાર્ટીને વિજય અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

શ્રી મોદીએ વધુમાં કહ્યું, "ભારત-જમૈકા વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોને વધુ ગાઢ બનાવવા અને બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવવા માટે આતુર છું."

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PUNJAB-FLOOD

પંજાબમાં વરસાદમાં ઘટાડો થતાં રાજ્યની નદીઓમાં પૂરનું પ્રમાણ ઘટ્યું છે. પરંતુ સમગ્ર રાજ્યમાં ખેતીની જમીન હજુ પણ પાણીમાં ડૂબેલી છે. અત્યાર સુધીમાં 22 જિલ્લાઓના 1,948 ગામોના 3 લાખ 84 હજાર લોકો પ્રભાવિત થયા છે. પંજાબના મહેસૂલ મંત્રી હરદીપ સિંહ મુંડિયનએ જણાવ્યું હતું કે પંજાબના ડૂબી ગયેલા વિસ્તારોમાંથી 21 હજાર 929 લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. ગુરુદાસપુરમાંથી સૌથી વધુ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. હજારો એકર ખેતીની જમીન ડૂબી ગઈ છે. કેન્દ્રની બે આંતર-મંત્રી ટીમોએ રાજ્યને થયેલા નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરી દીધું છે.

ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડના અધ્યક્ષ મનોજ ત્રિપાઠીએ કહ્યું છે કે ભાખરા ડેમમાંથી વધારાનું પાણી છોડવાનો કોઈ ભય નથી. દરમિયાન, રાજ્યમાં મોટા પાયે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. જિલ્લા વહીવટીતંત્રે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા વિનંતી કરી છે.

દરમિયાન સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં પૂરગ્રસ્ત રાજ્યોની મુલાકાત લેશે અને પરિસ્થિતિનો તાગ મેળવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આવતીકાલ સુધી પૂર્વ રાજસ્થાન અને ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ભારેથી અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

આજે રાજસ્થાન, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રના બાકીના ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આગામી બે દિવસ માટે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, મુઝફ્ફરાબાદ, બિહાર, હિમાચલ પ્રદેશ અને તેલંગાણામાં ભારે પવન અને વીજળી સાથે વાવાઝોડાની આગાહી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, ઝારખંડ, મરાઠવાડા, તમિલનાડુ પુડુચેરી અને કરાઈકલમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

દિલ્હી-**NCR**માં આજે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા સાથે ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DAIRY-GST REFORMS

રકાર દ્વારા શરૂ કરાયેલા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારાઓ **22** સપ્ટેમ્બરથી ગ્રાહકોની દૈનિક ઉપયોગની વસ્તુઓના કર દર ઘટાડો અમલી બનશે.

**GST** કાઉન્સિલે અનેક ડેરી ઉત્પાદનોને કરમાંથી મુક્તિ આપવાને મંજૂરી આપી. પનીર, છેના અને અલ્ટ્રા હાઇ ટેમ્પરેચર મિલ્ક જેવી વસ્તુઓ પર જે પાંચ ટકા **GST** દર હતો તે હવે કરમુક્ત છે. આનાથી આ ઉત્પાદનો પોષણક્ષમ દરે ઉપલબ્ધ થશે તેની ખાતરી થશે. વધુમાં, માખણ, ઘી અને ચીઝ સહિતના ડેરી તેલ પર અગાઉ ૧૨ ટકા **GST** લાગતો હતો, જે હવે ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, લોખંડ, સ્ટીલ અને

એલ્યુમિનિયમના દૂધના ડબ્બા પણ ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યા છે. દરમિયાન, પ્લાન્ટ આધારિત દૂધ પીણાં પરનો **GST** પણ ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે જે ગ્રાહકોને સ્વસ્થ ડેરી વિકલ્પો પર રાહત આપે છે. મીડિયા સાથે વાત કરતા, ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર, જયેન મહેતાએ આ નિર્ણયને ઉત્પાદકો અને ગ્રાહકો માટે એક સારા સમાચાર ગણાવીને પ્રશંસા કરી.

## BYTE- મહેતા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફૉલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

# MUMBAI - GANESH IMMERSION

મુંબઈમાં આજે અનંત ચતુર્દશીના રોજ ગણપતિ મૂર્તિના વિસર્જન સાથે ગણેશોત્સવનું સમાપન થશે. સ્થાનિક વહીવટી તંત્રએ સ્વચ્છતા, આરોગ્ય અને પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થા અને સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરી છે.

દરિયા કિનારા પર દસ હજાર કેમેરા દ્વારા ગણપતિ મૂર્તિઓનું વિસર્જન કરવા આવનારી વિશાળ ભીડ પર નજર રાખવામાં આવી રહી છે. લાઇટિંગ, જાહેર જાહેરાત અને હવાઈ દેખરેખ માટે **AI** ટેકનોલોજી અને ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગિરગાંવ ચોપાટી, દાદર, જુહુ, વર્સોવા અને પવઈ સહિતના સ્થળોએ મોટી સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યા છે. મહિલાઓની સુરક્ષા માટે નિર્ભયા ટુકડીઓ પેટ્રોલિંગ કરી રહી છે અને વિસર્જન સ્થળો પર પાંચસો આડત્રીસ લાઇફગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે અને દરિયામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કોસ્ટ ગાર્ડ પાસેથી પણ મદદ માંગવામાં આવી છે.

દરમિયાન પ્રદૂષણ ઘટાડવા માટે ભક્તોને મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ તળાવનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવી છે. પોલીસે વિસર્જન પછી કિનારે ધોવાઈ ગયેલી મૂર્તિઓના ફોટોગ્રાફ લેવા અને સોશિયલ મીડિયા પર આવા ફોટોગ્રાફ્સ શેર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

પુણેમાં પણ ગણેશ મૂર્તિ વિસર્જન યાત્રા આજે સવારે પરંપરાગત વિધિઓ અને ઉત્સાહ સાથે શરૂ થઈ હતી. પુણે પોલીસ દ્વારા વ્યવસ્થાપન અને સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરાઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR PITRUPAKSHA MELA

બિહારના ગયાજીમાં આજથી વિશ્વ પ્રસિદ્ધ પિતૃ પક્ષ મેળા મહાસંગમ **2025** શરૂ થઈ રહ્યો છે. આ વર્ષે પિતૃ પક્ષ મેળો **21** સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. કેન્દ્રીયમંત્રી જીતન રામ માંઝી આજે સાંજે આ મેળાનું ઉદ્ઘાટન કરશે.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને વિજય કુમાર સિંહા સહિત અનેક મહાનુભાવો પણ હાજર રહેશે. સમગ્ર મેળા વિસ્તારને **17** સુપર ઝોન, **43** ઝોન અને **324** સેક્ટરમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં તર્પણ કરવા માટે મોટી સંખ્યામાં યાત્રાળુઓ પહોંચશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ARMY PASSING OUT PARADE

ભારતીય સેનાએ આજે બિહારના ગયાજીમાં ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં **23** મહિલા અધિકારીઓ સહિત **207** કેડેટ્સનો સમાવેશ કર્યો છે.

પાસિંગ આઉટ પરેડ દરમિયાન નવનિયુક્ત લશ્કરી અધિકારીઓએ તેમના પરિવારો અને વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ પ્રભાવશાળી લડાઇ કૌશલ્યનું પ્રદર્શન કર્યું. ભારતીય સેનાના સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ અનિંદય સેન ગુપ્તાએ પરેડનું નિરીક્ષણ કર્યું અને કેડેટ્સને સંબોધન કર્યું.

આ કાર્યક્રમ દરમિયાન ગૌરવ ચંદ્રક સન્માન સમારોહ પણ યોજાયો હતો. જેમાં આ લશ્કરી અધિકારીઓ તરીકે પોતાના પુત્રો અને પુત્રીઓને દેશની સેવામાં સમર્પિત કરનારા તમામ પરિવારોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે 23 મહિલા અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે ગયા વર્ષે આ સંખ્યા 18 હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NIA BIHAR

રાષ્ટ્રીય તપાસ એજન્સીની ટીમે ગઈકાલે મોડી રાત્રે બિહારના ગયાજીથી ખાલિસ્તાની સરનજીત ઉર્ફે સનીની ધરપકડ કરી છે.લાંબા સમયથી ફરાર સરનજીત આ દિવસોમાં પોતાની ઓળખ છુપાવીને બિહારમાં રહેતો હતો. ઇનપુટ મળ્યા બાદ, એનઆઈએ ટીમે મોડી રાત્રે દરોડો પાડીને તેની ધરપકડ કરી હતી.

એનઆઈએ ટીમને તાજેતરમાં જ સરનજીત બિહારમાં સક્રિય હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ ટીમ સતત તેની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. શુક્રવારે મોડી રાત્રે, એનઆઈએ ટીમે જિલ્લાના શેરઘાટી પોલીસ સ્ટેશન વિસ્તારના ગોપાલપુર ગામ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર દરોડો પાડીને સરનજીતની ધરપકડ કરી હતી. દરોડા દરમિયાન શેરઘાટી પોલીસ પણ સ્થળ પર હાજર હતી.

ધરપકડ બાદ, એનઆઈએ ટીમ શનિવારે સવારે સરનજીતને લઈને ગયાજીથી ચંદીગઢ જવા રવાના થઈ હતી. એનઆઈએ ચંદીગઢમાં તેની પૂછપરછ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UK HOME SECRETARY

બ્રિટિનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે ગઈકાલે નાયબ પ્રધાનમંત્રી એન્જેલા રેનરના રાજીનામા બાદ મંત્રીમંડળમાં નોંધપાત્ર ફેરફાર કર્યા. એન્જેલા રેનરે પોતાના નવા ઘર પર ઓછો કર ચૂકવવાની કબૂલાત કર્યા બાદ રાજીનામું આપ્યું હતું. આ ફેરફારમાં ડેવિડ લૈમીને નાયબ પ્રધાનમંત્રી અને શબાના મહમૂદને ગૃહમંત્રી બનાવવામાં આવ્યા હતા. યવેટ કૂપરને વિદેશમંત્રી બનાવવામાં આવ્યા છે.

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે સુશ્રી કૂપરને બ્રિટનના વિદેશમંત્રી તરીકે નિયુક્ત થવા બદલ અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે કહ્યું કે, તેઓ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની મજબૂત ગતિ ચાલુ રાખવા માટે સાથે મળીને કામ કરવા આતુર છે.

અગાઉ, પ્રધાનમંત્રી સ્ટાર્મરના નૈતિક સલાહકારે કહ્યું કે, સુશ્રી રેનરે હોવમાં તેમના ફ્લેટ પર પૂરતી સ્ટેમ્પ ડ્યુટી ન ચૂકવીને મંત્રી આચારસંહિતાનું ઉલ્લંઘન કર્યું છે. ત્યારપછી સુશ્રી રેનરે નાયબ પ્રધાનમંત્રી, લેબર પાર્ટીના નાયબ નેતા અને આવાસ મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .